Club Id : 52203

Charter Dt : 02/06/1999

# ROTARY CLUB OF SURAT EAST

RI YEAR : 2020-2021

અંક : ૦૬ તા.: ૦૧/૦૧/૨૦૨૧

| HOLGER KNAACK | Rtn.PRASHANT JANI | Rtn.JAGDISH VAGHASIA | Rtn.KETAN PATEL | Rtn.AMULAKH SAVANI |
|---|---|---|---|---|
| RI. President | District Governor | Club President | Club Secretary | Editor |

e-bulletin

## અપેક્ષા



**Rtn. Dr.Jagdish Vaghasia**
Club President

નમસ્કાર રોટેરીયન મિત્રો,

સૌ કુશળ હશો,

આ બુલેટીન આપ વાંચી રહયા હશો ત્યારે ગુલાબી ઠંડીની શરૂઆત થઈ ચુકી હશે. શિયાળો એટલે સ્વાસ્થ્ય અને તંદુરસ્તીની સિઝન, આ ગત મહિને ડીજી વિઝીટ થઈ, ખુબ સારી વિઝીટ રહી, ઘણું શિખવા મળ્યું, જાણવા મળ્યું, ઘણો સુધારો કરવાની તક મળી, સાંજની મિટીંગમાં આપનામાંથી ઘણા ઉપસ્થિત રહયા એ આનંદની વાત છે.

મિત્રો, કોરોનાનું સંક્રમણ ઓછું ચોકકસથી થયું છે. પરંતુ આપને જણાવું છું કે હવે નવો સ્ટ્રેઈન ચાલુ થયો છે એટલે વાયરસે પોતાનું રૂપ બદલ્યું છે અને તેની શરૂઆત યુરોપના દેશોથી થઈ છે. યુરોપના દેશોમાં હવાઈ મુસાફરી બંધ થઈ છે, ફરી લોકડાઉન થયેલ છે. ત્યારે ત્યાંથી જે પ્રવાસીઓ આવ્યા છે તેમાં ઘણા પોઝીટીવ આવ્યા છે. જે ખુબ જ ચિંતાનો વિષય છે. તબીબોના મત મુજબ પણ હજુ આ નવી સ્ટ્રેઈન વિશે ખાસ વધારે જાણવા મળ્યું નથી પરંતુ ચિંતાનો વિષય જરૂર છે. પરંતુ આપણા માટે સાવચેતી એ જ સલામતી છે.

આશા રાખીએ કે ટુંક સમયમાં બધું થાળે પડતું જાય. આ નવી મુશ્કેલી આપણા માટે ફરી આફતરૂપ ના બને અને આપણા સૌના ધંધા રોજગાર પુરજોશમાં ચાલવા માંડે અને આપણે ફરીથી રૂબરૂ મળતા થઈએ.

જય હિંદ... જય રોટરી...

**મકરસક્રાંતિ પર્વની ખુબ ખુબ શુભેચ્છાઓ...!!**



UNITY BRANDING - 97276 75000



**Rtn. Ketan Patel**
Club Secretary

**૦૨/૧૨/૨૦૨૦, બુધવાર**

ક્લબ દ્વારા તા. ૦૨.૧૨.૨૦૨૦ ના રોજ ઝૂમ મીટીંગ દ્વારા “હોમિયોપેથી અને હઠીલા રોગ “વિષય પર પ્રવર્તમાન પરિસ્થિતિ માં અને રૂટીન જીવન માં થતા હઠીલા રોગો નું નિવારણ હોમિયોપેથી દવા થી કઈ રીતે થઇ શેકે અને હોમિયોપથી દવા કેટલી કારગત છે અને હઠીલા રોગો ના થાય તે માટે શું કાળજી રાખવી અને થયા પછી હોમિયોપેથી દવા કઈ રીતે ઉપયોગી થઇ શકે તે વિષે હોમીયોપેથ કન્સલ્ટન્ટ અને આપના રો.મિત્ર ડો. ચંદ્રેશ પટેલ ( એમડી.હોમીયોપેથ ) દ્વારા ખુબ સરસ માહિતી આપવામાં આવેલ.

**૧૨/૧૨/૨૦૨૦, શનિવાર**

રોટરી ક્લબ સુરત ઈસ્ટ દ્વારા આજરોજ તા. ૧૨.૧૨.૨૦૨૦ ના રોજ બારડોલી તાલુકા ના ઓર ગામ ખાતે શેરડી કાપવાનું કામ કરતા ખેત મજુરો ના ૧૨૫ જેટલા બાળકો ને રોટરી ક્લબ સુરત ઈસ્ટ દ્વારા ઉચ્ચ ગુણવતા વાળા સ્વેટર નું વિતરણ કરવામાં આવેલ. હાલ માં શિયાળા ની શરૂઆત માં ઠંડી પડવાની શરૂઆત થઇ છે ત્યારે આ સ્વેટર બાળકો ને ઠંડી થી રક્ષણ આપશે. આ સંપૂર્ણ કાર્યક્રમ નું આયોજન પ્રોજેક્ટ ચેરમેન રો. સંજય ચોવટિયા અને કો.ચેરમેન શૈલેશ વઘાશિયા દ્વારા કરવામાં આવેલ.આ કાર્યક્રમ માં સ્થળ પસંદગી રો.ભરતભાઈ કર્મા  અને રો. રમેશ સાવલિયા દ્વારા કરવામાં આવેલ. ગરીબ બાળકો ને ચોકલેટ નો સ્વાદ ચાખવા મળે તેમાટે ચોકલેટ નું અનુદાન રો.જયસુખભાઈ ગુંદરણીયા તરફ થી મળેલ અને દરેક બાળકો ને ગુણવતાવાલી ચોકલેટ આપેલ. તમામ સ્વેટર નું સૌજન્ય રોટરી ના સભ્યો દ્વારા આપવામાં આવેલ છે જેમાં મુખ્ય દાતા તરીકે યુરો ફૂડ ઈન્દ્રીયા ના મેનેજીંગ ડીરેક્ટર રો. મનહરભાઈ સાસપરા તથા ઘનશ્યામભાઈ ખુંટ તરફ થી મળેલ. આ કાર્યક્રમ માં પ્રમુખ ડો. જગદીશ વઘાસીયા ,સેક્રેટરી રો.કેતન પટેલ , ચેરમેન રો સંજય ચોવટિયા, કો-ચેરમેન રો.શૈલેશ વઘાસીયા ઉપરાંત રો. મહેન્દ્ર નાકરાણી , રો.જયસુખભાઈ, રો.ભરતભાઈ, રો.રમેશભાઈ તેમજ રોટરેક્ટર તીર્થ વઘાસીયા ઉપસ્થિત રહેલ.

**૧૬/૧૨/૨૦૨૦, બુધવાર**

રોટરી ક્લબ સુરત ઈસ્ટ દ્વારા રોટરી મેરેથોન માહિતી વિષે માર્ગદર્શન મીટીંગ નું આયોજન કરેલ જેમાં સ્પીકર તરીકે ડીસ્ટ્રીક્ટ ઈવેન્ટ ચેરમેન રો.રવિ ગણાત્રા અને ઈવેન્ટ કો. ચેરમેન રો.દીપેન પટેલ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવેલ.

**૧૭/૧૨/૨૦૨૦, ગુરૂવાર**

ક્લબ દ્વારા તા. ૧૭.૧૨.૨૦૨૦ ના રોજ કોર્પોરેશન ની શાળા નબર ૯૯ અને શાળા નંબર ૧૦૦ માં ધોરણ ૧ થી ૪ ના અંદાજે ૪૪૫ જેટલા બાળકો ને સ્વેટર વિતરણ નું આયોજન કરેલ.



UNITY BRANDING - 97276 75000

જેમાં પ્રેસિડેન્ટ રો.ડો. જગદીશ વઘાસીયા, સેક્રેટરી, રો. કેતન પટેલ, ચેરમેન રો.સંજય ચોવટિયા ,કો ચેરમેન રો.શૈલેશ વઘાસીયા ઉપરાંત સ્વેટર ના મુખ્ય દાતા રો.ઘનશ્યામભાઈ ખુંટ અને રો. મહેશ રામાણી તેમજ ચોકલેટ ના દાતા રો. જયસુખભાઈ ગુંદરણીયા તેમજ અન્ય મહાનુભાવો  ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**૨૨/૧૨/૨૦૨૦, મંગળવાર**

તા. ૨૩ ડીસેમ્બર ના રોજ ડીજી વિઝીટ થયેલ જેમાં દિવસ દરમિયાન વિવિધ મીટીંગ અને વિવિધ પ્રોજેક્ટ્સ ની મુલાકાત થયેલ અને સાંજે ક્લબ મીટીંગ થયેલ જેમાં ઘણા બધા રોટેરિયન મિત્રો ઉપસ્થિત રહ્યા હતા . ડીજી રો.પ્રશાંત જાની દ્વારા ક્લબ માં ઘણા સૂચનો કર્યા અને થયેલ પ્રોજેક્ટ અને કાર્યો ની સરાહના પણ કરી.

**૨૩/૧૨/૨૦૨૦, બુધવાર**

ક્લબ દ્વારા સ્વેટર વિતરણ નો ત્રીજો કાર્યક્રમ કરવામાં આવેલ જેમાં દિગસ ગામ માં ખેતમજુરી કરતા મજુર ના અંદાજે ૨૫૦ જેટલા બાળકો ને સ્વેટર તેમજ ચોકલેટ વિતરણ કરેલ, કાર્યક્રમ માં પ્રેસિડેન્ટ રો.ડો.જગદીશ વઘાસીયા , પ્રોજેક્ટ ચેરમેન રો. સંજય ચોવટિયા , કો ચેરમેન રો. શૈલેશ વઘાસીયા તેમજ ચોકલેટ ના દાતા રો. જયસુખભાઈ ઉપરાંત ઈન્ટરેક્ટ ચેરમેન રો.રસિક સાવલિયા અને પબ્લિક ઈમેજ ચેરમેન રો. રમેશ સાવલિયા અને પાસ્ટ પ્રેસિડેન્ટ રો.ભરતભાઈ કિકાણી ઉપસ્થિત રહ્યા હતા.

**જન્મદિન શુભેચ્છા જાન્યુઆરી-૨૦૨૧**

| | |
|---|---|
| 16/01/2021 | નિરેન જી. કાકડીયા |
| 18/01/2021 | ભાવેશ ડી. પરમાર |
| 25/01/2021 | મિતેષ જે. બાળઘા |




**"દુઆ છે અમારી ફુલોની જેમ
મહેકે જીંદગી તમારી...
જન્મદિવસની હાર્દિક શુભકામના..**



UNITY BRANDING - 97276 75000



**Rtn. Amulakh Savani**
Bulletin Editor

ટીકા કરવી સહેલી છે પણ ટેકો કરવો અઘરો છે,
કૃતજ્ઞતાના  આચરણ વગર, વ્યવહાર અધુરો છે.

સુવિચાર થી સજાવી દઇએ, જીંદગીની હરેક પળ,
ધન્યતાના ભાવથી, દિલનો  ભાવ મધુરો મધુરો છે.
( ડો. અમુલખ સવાણી)

ખરેખર સાવ સાચુ જ છે કે, કોઇ વ્યક્તિ કોઇ પણ કાર્ય હાથમાં લે, ત્યારે એને ખરા દિલની ભાવનાથી સાથ આપવા વાળા ઘણા ઓછા હોય છે, મહદ્ અંશે એને કેમ નીચો પાડવો કે એ કેમ મન ભંગ થાય એવા પ્રયાસો વધુ થતા હોય છે.

હકીકત એ છે કે, ઇર્ષા કે હરિફાઇને કારણે એક જુઠી માનસિકતા બની હોય છે કે, કોઇને નીચા પાડવાથી આપણે સારા દેખાઇશુ, પણ કુદરતનો નિયમ છે કે, કોઇ પણની સફળતાને સાચી લાગણીથી વધાવવાથી, આપણી પણ પ્રગતી જરુર થાય છે. તો ટીકા, ઇર્ષા કે કુથલીમાં સમય વેડફ્યા વગર આપણા સ્વધર્મનુ પાલન કરી, નિષ્ઠાથી કામ કરવાથી  ધારી સફળતા મળે જ છે.

“કૃતજ્ઞતા” ને જીવનમંત્ર બનાવી, સહજ, સરળ, વિનમ્ર અને વિવેકપુર્ણ વહેવાર કરવાથી, આપણા જીવનમાં જાદુઇ પરિણામો લાવીએ. ધાર્યુ અવશ્ય પ્રાપ્ત કરી શકીએ. કોઇની ખુશામત કરવાની નથી પણ લાગણીના ભાવ સાથે પ્રશંસા કરવાની છે. જીવનને સુવિચારોની સોડમથી મહેકતુ બનાવવાનુ છે, એક સારી ટેવ પડશે તો વ્વવહાર પણ સારો બને.

જેવા વિચારો તેવી ટેવ અને જેવી ટેવ તેવી જીંદગી. તો સારી ટેવ પાડી જીંદગીને ખરા અર્થમાં સાર્થક બનાવીએ, એ વગર આપણી જીંદગી અધુરી છે, બાકી ધન્યતા અને કૃતજ્ઞતાના ભાવ સાથે જીવવાથી જીવનની દરેક પળ, ક્ષણ “મધુરી”  “મધુરી” છે. “ ખરાબ ટેવ પાડવી સહેલી છે પણ એની સાથે જીવવુ અઘરુ છે અને સારી ટેવ પાડવી અઘરી છે પણ એની સાથે જીવવુ ઘણુ સહેલુ છે.”

**(રત્ન કણિકા)**

હ્રદય દીધા વિના સારા કામનુ દલડુ નથી મળતુ,
કૃતજ્ઞ જે  નથી બનતો, એનુ જીવન નથી ફળતુ.

ઇર્ષા, કુથલીને  નેવે મુકીને  કરીએ સઘળા કામ,
આળસુ માણસનુ ભાગ્ય ક’દિ નથી ખળખળતુ.


UNITY BRANDING - 97276 75000



# સ્વેટરનુ બાળગીત (Sweater Distribution)

**Rtn. Amulakh Savani**
Bulletin Editor

ડિસેમ્બર જાન્યુઆરી આવ્યો,
ઠંડીબેનનું વધ્યુ જોર.
સ્વેટરની વધી માંગ સ્કુલમાં,
ઠંડી પડી છે ચારેકોર.

સ્વેટર કહેતું ઠંડીબેનને
મારા વગર ના ચાલે,
મારી જરૂર પડે બધાને
રોટરી ઇસ્ટ આપશે કાલે.

બાળકો તો સ્વેટર જોઈને
કેવા થઈ જાય રાજી?
વિદ્યાર્થીઓના હ્રદય પર
ખુશીએ જીતી બાજી.

મનહરજી, ઘનશ્યામજી,
મહેશજીએ આપ્યા દાન,
સંજયજી અને શૈલેશજીએ
દિલથી કર્યા સારા કામ.

જગદિશજી અને કેતનજીએ,
નિભાવી પોતાની ફરજ,
બાળકોના દિલમાં વસ્યા હરજી,
સાંભળી જેના મનની અરજ.

સ્કુલમાં વ્હેંચાયા સ્વેટર
બાળકોના આનંદનો નહીં પાર,
ચહેરા પર અમુલખ સ્મિત સાથે,
રોટરીનો માને છે આભાર.

(ડો. અમુલખ સવાણી)












UNITY BRANDING - 97276 75000

# ROTARY CLUB OF SURAT EAST

## :: PHOTO GALLERY ::


















## MEDIA GALLERY


સુરત 18

રોટરી ક્લબનું 445 બાળકોને સ્વેટરનું વિતરણ, 800નું લક્ષ્ય

શિક્ષણ સમિતિની શાળામાં સ્વેટરનું વિતરણ

રોટરી ક્લબ સુરત ઈસ્ટ દ્વારા કોર્પોરેશનની શાળામાં સ્વેટર વિતરણ